# કુડસદ



## વિવિધ સુખસુવિધા

પાણીની વ્યવસ્થામાં ગામના લોકો માટે ત્રણ ટાંકીઓ બનાવવામાં આવેલી છે, જેમાં ગામનાં 1670 ઘરમાં નળ કનેક્શન ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવ્યું છે. તમામ રસ્તા આર.સી.સી. અને પેવર બ્લોકથી બનાવવામાં આવ્યા છે. તેમજ સ્ટ્રીટ લાઈટ્સ, ડોર ટુ ડોર કચરો તેમજ સાર્વજનિક બગીચો પણ છે. સાર્વજનિક રમતગમતનું મેદાન, કોમ્યુનિટી હોલ સહિતની સુવિધાઓથી સજ્જ છે. આરોગ્યની દૃષ્ટિએ બે પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ છ આંગણવાડી કેન્દ્ર આવેલાં છે.



## બંધ થયેલી ટેલિફોન સેવા ફરી શરૂ થાય એવી લોકોની ઇચ્છા

આજથી બે દાયકા પહેલાં ટેલિફોન સેવા આવતાં ગ્રામ્ય વિસ્તારોમાં મહત્તમ ઘરોમાં ટેલિફોનનાં ડબલાં રણકતા થયા હતા. લોકો નજીકના સ્વજન સાથે કે વિદેશમાં રહેતાં સ્વજન સાથે ટેલિફોન દ્વારા વાતચીત કરી ખબરઅંતર પૂછી લેતા હતા. ઘણા લોકો વિદેશ રહેતા હોવાથી ઘણાં ઘરોમાં ટેલિફોન હતા. પરંતુ વારંવાર ફોન રણકતા બંધ થઈ જતાં હોવાથી ગામના લોકોએ કંટાળીને ટેલિફોન સેવા બંધ કરાવી દીધી હતી. પણ જો ફોનની સેવા ફરી ગામમાં શરૂ કરવામાં આવે તો લોકો ફોન ફરી લેવા તૈયાર છે.

## ૧૦ વીઘાંમાં ફેલાયેલું તળાવ ગામની રોનક વધારે છે



આજે પાણીની સુવિધા વધે અને જળસ્તર ઊંચાં આવે એ માટે સરકાર ભરપૂર પ્રયાસ કરે છે. પરંતુ કુડસદ ગામના વડવાઓના વખતથી બ્લોક નં.4માં આવેલું આશરે 90 વીઘાં જેટલું વિશાળ તળાવ આજે પણ લોકોપયોગી છે. આ સાપુતારાના સર્પગંગા તળાવ કરતાં પણ વિશાળ છે. આ તળાવને ડેવલોપ કરવામાં આવે તો ગામની રોનક બદલાઈ જાઈ તેમ છે. એ માટે અનેકવાર રજૂઆતો પણ કરવામાં આવી છે.



## બે તાલુકાને જોડતા રોડની મરામતનો અભાવ

રસ્તા, પાણી અને વીજળી પાયાની જરૂરિયાત છે. પરંતુ આજે પણ ઘણા વિસ્તારો એવા છે જ્યાં પાયાની સુવિધાઓ પહોંચી નથી. જેને કારણે લોકોએ સરકારી કચેરીનાં પગથિયાં ઘસી નાંખવા પડે છે. કેટલીકવાર તો તંત્ર સામે બાંયો પણ ચઢાવવી પડે છે. આવી સમસ્યાથી કુડસદને અડીને આવેલાં ગામના લોકો પણ પીડાય છે. કુડસદના સૌથી મોટા તળાવની બાજુમાંથી કીમ-કુડસદ રોડ અને પીપોદરા-કુડસદ રોડ જાય છે. જે લોકો માટે અત્યંત ઉપયોગી માર્ગ છે. છતાં બે તાલુકાને જોડતા આ રોડની મરામત કરવામાં આવતી નથી. જેને કારણે હવે ચોમાસું નજીક છે ત્યારે લોકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવશે.



## બેંક અને પોસ્ટ ઓફિસની સુવિધા

એક સમય હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારોના લોકોને બેંક સહિતનું કામકાજ હોય તો શહેરો ઉપર મદાર રાખવો પડતો હતો. પરંતુ સમય બદલાતો ગયો અને ગ્રામ્ય વિસ્તારના માળખામાં પણ ફેરફાર થતાં આજે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પણ બેંકિંગની સુવિધા ઊભી થઈ છે. કુડસદ ગામમાં એક રાષ્ટ્રીયકૃત બેંક ઓફ બરોડા તેમજ પોસ્ટ ઓફિસ આવેલી છે. જ્યારે સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંકની પણ માંગણી ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. લોકો પોતાના ખાતામાંથી પૈસા સરળતાથી કાઢી શકે એ માટે એક એ.ટી.એમ પણ બેંક દ્વારા મૂકવામાં આવ્યું છે.

## સહકારી અગ્રણીઓ

1-ગામના અરવિંદભાઈ ઉર્ફે પલ્લુભાઈ નારણભાઈ પટેલ સાયણ સુગરમાં નાના સીમાંત ખેડૂતના ત્રણ ટર્મથી ડિરેક્ટર પદે તેમજ કુડસદ પિયત સિંચાઈ સહકારી મંડળીના છેલ્લાં 25 વર્ષથી પ્રમુખ તેમજ વર્ષ-2007માં ગામના સરપંચ અને અગાઉ 10 વર્ષ ડે.સરપંચ પદે, સાયણ જીવનરક્ષા હોસ્પિટલમાં ઉપપ્રમુખ તરીકે રહ્યા છે.

2-કેતનભાઈ નરોત્તમભાઈ પટેલ સાયણ સુગર ફેક્ટરીમાં પાંચ વર્ષ પ્રમુખ તરીકે રહ્યા અને હાલ ડિરેક્ટર તરીકે કાર્યરત છે.

3-રજનીભાઈ ઠાકોરભાઈ પટેલ પણ સાયણ સુગરમાં ડિરેક્ટર તરીકે રહ્યા હતા.

4-સન્મુખભાઈ રામુભાઈ પટેલ ગામના સરપંચ તરીકે 15 વર્ષ રહ્યા, 13 વર્ષ કુડસદ દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ અને 17 વર્ષથી બારડોલી ફ્રૂટ એન્ડ વેજિટેબલના ડિરેક્ટર અને 35 વર્ષથી ગોથાણ કોટન મંડળીના કમિટી સભ્ય તરીકે કાર્યરત છે.





સરપંચ યોગેશભાઈ



સન્મુખભાઈ પટેલ



કેતનભાઈ નરોત્તમભાઈ પટેલ



રજનીભાઈ પટેલ



ડે.સરપંચ મેહબુબભાઈ

## રેલવે સ્ટેશન પર ટ્રેન ઊભી રહેતી નથી

કુડસદ ગામની હદમાંથી રેલ પણ પસાર થાય છે. તંત્ર દ્વારા ગામમાં રેલવે સ્ટેશન પણ બનાવવામાં આવ્યું છે. પરંતુ રેલવે સ્ટેશન પર વર્ષ-2021 બાદ કોઈપણ ટ્રેન ઊભી રહેતી નથી. જેની રેલવેમાં રજૂઆત કરતાં રેલવેની આવક ઓછી થઈ હોવાથી બંધ કરવામાં આવ્યું હોવાનું ગામ લોકોએ જણાવ્યું હતું. પરંતુ એક સમયે 250થી વધુ લોકો ટ્રેન દ્વારા સુરત પાસ કઢાવી અવરજવર કરતા હતા.



સ્વિમિંગ પુલ



પાણીની પરબ(મોદી જલસાગર)



ગામના પાદર પર આવેલી જર્જરિત પ્રાથમિક શાળા



પ્રવેશદ્વાર



બળિયાદેવનું મંદિર



નવી કોલોની પ્રધાનમંત્રી આવાસ



મસ્જિદ



નુરુલ મદ્રેસા



પેટા આરોગ્ય કેન્દ્ર

## ગામમાં બે વયોવૃદ્ધ વડીલો



ગામમાં બે વયોવૃદ્ધ વડીલ એવા જશવંતરાવ રામુરાવ જાદવ અને દુર્લભભાઈ નાથુભાઈ પટેલ કે જેમને લોકો છીતુકાકાના હુલામણા નામથી બોલાવતા હતા. છીતુકાકાનો જન્મ તા.17-5-1933ના રોજ થયો હતો. 91 વર્ષની ઉંમરે પણ છીતુકાકા પોતાનું તમામ કામ જાતે જ કરતા હતા અને ગામ લોકોને સંકટ સમયમાં સલાહ સૂચન આપતા હતા. ગામના કોઈ પ્રશ્ન હોય તો તે હલ કર્યા વિના રહેતા ન હતા. પોતે 24 વર્ષની ઉંમરથી સહકારી રાજકારણમાં સક્રિય થયા હતા અને સુરત જિલ્લા વિવિધ સહકારી સંસ્થાઓમાં ડિરેક્ટર પદે પણ રહ્યા હતા. પણ વર્ષ-1985થી તમામ હોદ્દા પરથી નિવૃત્તિ લીધી હતી. સહકારી રાજકારણમાં 30 વર્ષ ગોથાણ કોટન મંડળીના પ્રમુખ પદે રહ્યા, નવ વર્ષ સુમુલ ડેરીના ડિરેક્ટર, સ્પીનિંગ મિલમાં 15 વર્ષ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર રહ્યા, સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં 9 વર્ષ ડિરેક્ટર રહ્યા અને હાલમાં કીમ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ અને સાધના કુટિર હોસ્પિટલ (કીમ)માં ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. જો કે, થોડા દિવસ અગાઉ છીતુકાકાનું અવસાન થયું હતું. જ્યારે ગામમાં છીતુકાકા સાથે ગુજરાતમિત્રના પ્રતિનિધિની મુલાકાત થઈ ત્યારે ગામ વિશે ઘણી માહિતી આપી હતી. ગુજરાતમિત્રમાં મંગળવારની આસપાસ ચોપાસની પૂર્તિમાં ગામનો લેખ આવે તેમની ઘણી ઈચ્છા હતી.

## રણછોડનગર યુવકમંડળની વિવિધ પ્રવૃત્તિ



ગામમાં રણછોડનગર યુવક મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં કેરી વેચાણ, ફટાકડા વેચાણ, શીખંડ તેમજ તહેવારોમાં મીઠાઈઓ સહિતની યુવકમંડળ પ્રવૃત્તિ કરીને ફળિયાના લોકોએ માટે સ્વિમિંગ પુલ, ક્લબ હાઉસ બનાવવામાં આવ્યું છે. શહેરમાં થતી એક્ટિવિટીઓ ગામડાંમાં રહીને કરે છે. સાથે સાથે સિનિયર સિટિઝનો બેસવા માટે હિંચકા પણ મૂકવામાં આવ્યા છે.

## કુડસદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી





ભરતભાઈ હસમુખભાઈ જાદવ



અરવિંદભાઈ ઉર્ફે પલ્લુભાઈ પટેલ



હિરેનભાઈ પટેલ

ગામમાં કુલ ત્રણ સહકારી મંડળીઓ આવેલી છે, જેમાં કુડસદ દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે ભરતભાઈ હસમુખભાઈ જાદવ, કુડસદ પિયત સિંચાઈ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે અરવિંદભાઈ ઉર્ફે પલ્લુભાઈ નારણભાઈ પટેલ તેમજ કુડસદ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે હિરેનભાઈ અરવિંદભાઈ પટેલ છે.

## ગામના લોકો સ્વામીનારાયણ પંથ સાથે સંકળાયેલા છે

ગામમાં રહેતા લોકો સ્વામીનારાયણ પંથ સાથે ખૂબ જ નજીકથી જોડાયેલા છે. જેને લઈ અનેકવાર સ્વામીનારાયણ પંથના સંતોની ગામમાં પધરામણી થાય છે. આ ગામમાં પ્રમુખસ્વામી મહારાજ તેમજ મહંત સ્વામી પાંચવાર પધરામણી કરી ગયા હોવાથી ગામ લોકો ધન્યતા અનુભવે છે.

## વિદેશમાં 250થી વધુ લોકોનો વસવાટ

કુડસદ ગામ એ સુરત જિલ્લામાં વસવાટ કરતા લાલચુડા કડવા પાટીદાર સમાજનું સૌથી મોટું ગામ ગણાય છે. આ ગામમાં સૌથી વધુ વસતી કડવા પાટીદાર સમાજના લોકોની છે, જેમાં પણ ગામના 250 લોકોથી વધુ લોકો વિદેશમાં કેનેડા, અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા, લંડનમાં સ્થાયી થયા છે.

## ગત ટર્મમાં ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખ પણ કુડસદના જ હતા

સુરત જિલ્લાના સૌથી મોટા તાલુકા ઓલપાડમાં તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અઢી વર્ષ માટે કુડસદ ગામના અમિતભાઈ સુરેશભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. જે ગામ માટે ગૌરવની વાત છે. હાલમાં તેઓ તાલુકા પંચાયતના સભ્ય તરીકે કાર્યરત છે.



અમિતભાઈ પટેલ

## અહીં થાય છે ગરબાનું મોટું આયોજન

કુડસદ ગામ આજે પણ ધાર્મિકતાનો રંગ જોવા મળે છે. કોઈપણ તહેવાર હોય લોકો હળમળીને એકસાથે રંગેચંગે ઉજવણી કરે છે. કુડસદ ગામની વસતી પણ વધારે હોવાથી અને આર્થિક રીતે પણ ગામ સધ્ધર હોવાથી ગામમાં દર વર્ષે ભવાનીમંડળ દ્વારા નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે. જે ગામનું જ મંડળ છે, જેમાં ગામના યુવાનો પોતે ગરબા ગાઈ અને ઓરકેસ્ટ્રા પણ વગાડે છે. ગામમાં ગરબાનું સારું આયોજન થતું હોવાથી ગામના લોકો બહાર ગરબા રમવા માટે પણ જતા નથી. આ ગામના ગરબા અહીંના એનઆરઆઈને લાઈવ બતાવવામાં આવે છે.